## પોલીસ માનપદક / **POLICE HONOURS**

### રાષ્ટ્રપતિ પોલીસપદક - **PRESIDENT POLICE MEDAL --**



રાષ્ટ્રના માન્ય પોલીસદળના સદસ્યો પૈકી પોતાની ફરજ દરમ્યાન અસાધારણ સૌર્યતા અને વ્યાવસાયિક નિપુણતાનું સર્વોચ્ચ કૌશલ્ય દાખવી જિંદગી અને મિલકત બચાવવાની વિશિષ્ઠ કામગીરી અથવા ગુનો અટકાવવાની અથવા ગુનેગારને પકડવાની કાર્યવાહી કરનાર, ખાસ વિકટ સંજોગો અને મુશ્કેલ પરિસ્થિતિમાં શૌર્યપૂર્વક પોલીસ સેવાનું આજ્ઞાપૂર્વક સંચાલન કરનારને રાષ્ટ્રપતિ પોલીસપદક રાષ્ટ્રપતિ દ્વારા એનાયત છે. સામાન્ય રીતે એક વર્ષમાં દેશભરમાં કુલ ૪પથી વધુ પદક એનાયત કરવામાં આવતાં નથી. આ પદક સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ (એમ બે રાષ્ટ્રીય પર્વ ) નિમિત્તે એનાયત કરવામાં આવે છે.

### પોલીસ મેડલ -- **POLICE MEDAL --**

રાષ્ટ્રના માન્ય પોલીસદળના સદસ્યો પૈકી પોતાની દીર્ઘ સેવાકીય કારકિર્દી દરમિયાન ફરજ પ્રત્યે સાતત્યપૂર્ણ સમર્પણભાવ સાથે પ્રશંસનીય અને વિશિષ્ટ પ્રદાન કરનારને રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ મેડલ એનાયત કરવામાં આવે છે. સામાન્ય રીતે વર્ષ દરમ્યાન દેશભરમાં કુલ ૧૭પથી વધુ પોલીસ મેડલ એનાયત કરવામાં આવતાં નથી. આ પદક પણ સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ (એમ બે રાષ્ટ્રીય પર્વ ) એનાયત કરવામાં આવે છે.

### વડા પ્રધાનનું જીવનરક્ષા પદક -- **PRIME MINISTER MEDAL FOR LIFE SAVING --**

તમામ રેન્કના પોલીસ અધિકારી અને કર્મચારીઓમાં જીવનને જોખમરૂપ મુશ્કેલ પરિસ્થિતિમાં સપડાયેલ નિઃસહાય અસરગ્રસ્ત માનવના જીવનને બચાવવા માટે

પોતાની તમામ શક્તિ અને નિષ્ઠા કામે લગાડવાની ભાવનાને પ્રોત્સાહિત કરવાના હેતુથી અન્યના જીવનના બચાવ માટે પોતાના જીવનને પણ જોખમમાં મૂકી દ્રષ્ટાંત રૂપ ફરજનિષ્ઠા સાથે બચાવકાર્ય કરનાર પોલીસ કર્મચારીને વડા પ્રધાન દ્વારા આ પદક એનાયત કરવામાં આવે છે.



પોલીસ સ્પેશિયલ ડ્યુટી મેડલ -- **POLICE (SPECIAL DUTY ) MEDAL --**

રાજ્ય પોલીસદળ, સેન્ટ્રલ અનામત પોલીસદળ અને કેન્દ્રીય ગુપ્તચર સેવામાં ફરજ બજાવતા અધિકારી અને જવાનો પૈકી અસાધારણ વિષમ સંજોગો અને ભૌગોલિક તેમજ હવામાનની અસહ્ય વિષમતા વચ્ચે પણ ડગ્યા વિના દ્રષ્ટાંતરૂપ સેવા બજાવી ફરજનો નિર્વાહ કરનારને ભારત સરકાર દ્વારા આ પોલીસ
(સ્પેશિયલ ડ્યુટી મેડલ) એનાયત કરવામાં આવે છે.

<u>વિશેષ નોંધ -</u>

પોલીસ અધીક્ષક તેમના તાબાના પોલીસ કોન્સ્ટેબલથી માંડીને એ.એસ.આઈ. સુધીના પોલીસના માણસોને તેમની સારી કામગીરીની કદરરૂપે ગુડ સર્વિસટિકિટ (GST) અને રોકડ ઈનામ આપે છે. તેવી જ રીતે પોલીસ સબઈન્સ્પેકટર અને તેની ઉપરના દરજ્જાના અધિકારીને સારી કામગીરી માટે કોમેન્ટરી નોટ (CN) અને રોકડ ઈનામ આપે છે.

| અ.નં | કર્મચારીનુ નામ | ફોટો | હોદો | સાલ | મેડલનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| **૧** | **શ્રી બાલાશંકર જીવરામભાઇ પાઠક** |  | અનાર્મ એ.એસ.આઇ | ૨૦૦૯ | પ્રશંસનીય કામગીરી સેવા બદલ એક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | રાષ્ટ્રપતિ નો પોલીસ મેડલ |
| **૨** | **શ્રી આર.બી.મીરઝાં** |  | પો.સ.ઇ. | ૨૦૦૬ | વિશિષ્ટ કામગીરી સેવા બદલ એક રાષ્ટ્રપતિ નો પોલીસ મેડલ |
| **૩** | શ્રી વસંતરાય કાંતિલાલ મહેતા |  | એ.એસ.આઇ. બ.નં.૭૨૦ | ૨૦૧૬ | ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૬ ના સ્વતંત્રતા દિવસના પ્રસંગે પ્રશંસનીય સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એવોર્ડ માટે પસંદગી પામેલ છે. |
| **૪** | શ્રી અરૂણકુમાર શાંતિલાલ ત્રિવેદી |  | એ.એસ.આઇ. બ.નં.૮૬૦ | ૨૦૧૭ | ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૭ ગણતંત્ર દિવસના પ્રસંગે પ્રશંસનીય સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એવોર્ડ માટે પસંદગી પામેલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | છે. |